પ્રકરણ - ૧૧

## વાચિક અભિનય અને સંસ્કૃત નાટ્યસાહિત્ય

ભરતમુનિએ 'વાચિક અભિનય'ના નિરુપણમાં મુખ્યપણે નાટ્યોપયોગી દૃશ્ય-કાવ્યની રચના પ્રક્રિયાનું વિવેચન કર્યું છે. તેમણે નાટ્યોપયોગી દૃશ્યકાવ્યના સ્વરુપના પ્રતિપાદન પુર્વે તેના વિવિધ અંગોની મીમાંસા કરી છે જેમાં છન્દ, લક્ષણ તથા અલંકારનો મુખ્યપણે સમાવેશ થયો છે. આ અંગોની મીમાંસા કર્યા પછી ભરતમુનિએ નાટ્યપયોગી દૃશ્યકાવ્યનું લક્ષણ આ પ્રમાણે નિરુપ્યું છે -

'' એભિરર્થક્રિયાપેક્ષં કાવ્યં કાર્યં તુ લક્ષણૈઃ ।''

(અધ્યાય ૧૬/શ્લોક ૮૮)
(કાવ્યમાલા સંસ્કરણ)

પ્રત્યેક કવિકૃતિમાં શબ્દાર્થોનું અનિવાર્યપણે નિયોજન થયેલું હોય છે પણ નાટ્યકાવ્યમાં જે ગુણ વિશેષપણે સમાવિષ્ય થયો હોવો જોઇએ તે છે - 'અર્થોની ક્રિયા સાપેક્ષિતા'.

નાટ્યકારનો મુખ્ય પ્રેરણાસ્ત્રોત છે લોકજીવન અર્થાત્ માનવોનો સુખ અને દુ:ખથી સમન્વિત, વિવિધ પ્રકારના શીલ-સ્વભાવ જનિત, માનસિક, બૌધ્ધિક તથા શારીરિક કાર્યવ્યાપાર. તેનેજ સામાન્યપણે 'અર્થ'સંજ્ઞા આપવામાં આવે છે. લોકજીવનગત અર્થ બે પ્રકારનો સંભવી શકે છે - (૧) મૂર્ત તથા (૨) અમૂર્ત. લોકજીવનગત મૂર્ત અર્થમાં પ્રાકૃતિક વસ્તુઓ તથા પ્રાણીમાત્રની રુપાકૃતિ તેમજ ચેષ્ટાઓનો સમાવેશ થાય છે જ્યારે લોકજીવનગત અમૂર્ત અર્થમાં બૌધ્ધિક તેમજ ભાવનાત્મક અર્થનો સમાવેશ થાય છે. આ બંને પ્રકારના લોકજીવનગત અર્થને 'નાટ્યમાં' રુપાંતરિત કરવા એ નાટ્યકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

ભરતમુનિના મત પ્રમાણે લોકજીવનગત બધાજ અર્થ જેને આપણે પ્રત્યક્ષ ઇન્દ્રિયો ધ્વારા ગ્રહણ કરીએ છીએ અથવા બૌધ્ધિકઅમૂર્ત ચિંતનાત્મક સમજીએ અથવા ભાવાનુભુતિનું અંગ બનાવીએ છીએ તે તમામ અર્થનું નાટ્યમાં મૂર્તીકરણ થવું અત્યંત જરુરી છે. નાટયાર્થોના મૂર્તીકરણમાં જે ચાર મુખ્ય તત્વો ઉપયોગી નિવડે છે તે છે (૧) વાક્ (૨) અંગ (૩) સત્વ તથા (૪) આહાર્ય. આ પ્રમાણે નાટ્યમાં અર્થોનું રુપાંતર થવાથી તેઓ પોતાની અમૂર્તતાનો

ત્યાગ કરે છે અને અભિનયક્રિયારુપ બની જાય છે. સુખદુ:ખાત્મક માનસિક અમૂર્ત ભાવનાઓનું મૂર્તીકરણ 'વાણી' વિના પણ થઇ શકે છે. વાણી-વાક્-ભાષાના માધ્યમ વડે આ અમૂર્ત મનોભાવનાઓને જ્યારે નાટ્યમાં ઉપસ્થિત કરવી જરુરી બને ત્યારે તેમાં 'ક્રિયાત્મકતા' લાવવી અતિ આવશ્યક બને છે કારણ કે રંગમંચ ઉપર નટો દ્વારા પ્રયોજાતા વાક્નું 'વાગભિનય'માં રુપાંતર થવું જરુરી બને છે. તેમ બને તોજ તે નાટ્યનું અંગ બની શકે. નહીં તો નહીં. એટલે નાટ્યમાત્રમાં પ્રયોજાતો અર્થ 'ક્રિયાસાપેક્ષ' હોવો જરુરી બને છે. રંગમંચગત પ્રત્યેક અર્થને 'દૃશ્ય-શ્રવ્ય' બનાવ્યા વિના પ્રયોજી શકાતો નથી અને તેના માટે 'અભિનેયતા' અત્યંત જરુરી બને છે. જે અભિનયક્રિયા વિના આવી શકતી નથી. એટલેજ ભરતમુનિનું સ્પષ્ટ મંતવ્ય છે કે 'અર્થક્રિયાસાપેક્ષં કાવ્યં.'

આ નાટ્યાર્થ ક્રિયાસાપેક્ષ ત્યારેજ બની શકે જ્યારે તે વાક્ અંગ સત્વથી 'ઉપેત' હોય કારણકે ભરતમુનિએ કહયું છે ' વાક્અંગસત્વોપેતાન્ કાવ્યાર્થાન્ ભાવયન્તિતિ ભાવા ઇતિ' પ્રત્યેક કાવ્યાર્થ વાક્ અંગ સત્વથી ઉપેત હોય ત્યારેજ તે ક્રિયાસાપેક્ષ બની શકે.

ભાસ, કાલિદાસ, ભવભૂતિ, શુદ્રક વિગેરે નાટ્યકારોના નાટકોમાં અભિનેય તત્વોની પ્રધાનતાનું મુખ્ય કારણ એ છે કે તે વાક્-અંગ-સત્વથી યુક્ત છે. કવિ કાલિદાસના 'અભિજ્ઞાન શાકુંતલ'માંથીજ એક ઉદાહરણ લઇએ. નાટકના ચોથા અંકમાં પતિગૃહે જવા વિદાય થતી શકુંતલાના વિચારમાત્રથી તેના પાલક પિતા કાશ્યપ (કણ્વ) કંપી ઉઠે છે. કન્યા વિયોગ સમયના હૃદયદ્રાવક દુ:ખાનુભવને (દૃશ્ય) કાવ્યાર્થમાં રુપાંતરિત કરવા માટે કાલિદાસે, તેને વાક્, અંગ તથા સત્વથી યુક્ત કેવી રીતે બનાવ્યો છે તે નીચેના શ્લોક પરથી ફલિત થાય છે.

યાસ્યત્યદ્ય શકુન્તલેતિ હૃદયં સં સ્પૃષ્ટમુત્કણ્ઠયા  
કણ્ઠ સ્તમ્ભિત બાષ્પ વૃત્તિકલુષશ્ચિન્તાજડં દર્શનમ્ ।  
વૈકલવ્યં મમ તાવદીદૃશમહો સ્નેહાદરણ્યૌકસ:  
પીડયન્તે ગૃહિણ: કથં નુ તનયાવિશ્લેષદુ:ખૈર્નવૈ: ॥

(અંક ૪ / શ્લોક ૮)

'' જાશે આજ શકુન્તલા ।'' હૃદયને લાગ્યો અજંપો જ શો ।
રોકયાં અશ્રુથી સાદ ગદ્ગદ થતો, ચિંતાથી ઝાંખું સુઝે,
આવી જો વનવાસીની વિકલતા સ્નેહેથી મારી અહો ।
તો સંસારી પિઠાય શા પ્રથમ હા પુત્રીવિયોગે દુખે ।
(અનુ: શ્રી ઉમાશંકર જોષી)

આ શ્લોકના આરંભથી અંત સુધી જેટલી ઉચ્ચાર્યમાન્ શબ્દસંપત્તિ છે તે વાક્ અથવા વાણી છે. નાટ્યકળામાં તેને પરિણત કરવાથી તે 'વાચિક' એવી વિશિષ્ટ પારિભાષિક સંજ્ઞા પ્રાપ્ત કરે છે કારણ કે નટ વાણીના માધ્યમ વડે તેને રંગમંચ ઉપર અભિનયાત્મક રુપમાં રજુ કરે છે. કવિ પણ આ 'વાક્' અર્થાત્ શબ્દોનો આશ્રય લઇનેજ 'નાટ્યકાવ્યની રચના કરે છે. આમ કાવ્યના શબ્દબધ્ધ 'વાક્'ને નટ-નટી રંગમંચ ઉપર 'વાચિક અભિનય' માં રુપાંતરિત કરે છે. નટ-નટીની વિશિષ્ટ ઉચ્ચારણ પધ્ધતિ માત્રજ કાવ્યાર્થને સજીવ કરે છે એવું નથી. અન્ય બે તત્વો - આંગિક તથા સાત્વિક પણ કાવ્યના વાક્ તથા અર્થને રંગમંચ ઉપર મૂર્તિત કરે છે.

કન્યાવિયોગની ક્ષણોમાં કાશ્યપ-કણ્વના હૃદયનું ઉત્કંઠાથી ભરાઇ આવવું, કણ્ઠનું સ્તંભિત થઇ જવું, અશ્રુ ઉભટી આવવાં, ચિન્તાને કારણે દૃષ્ટિ જડ થઇ જવી, વિકલતા વિગેરે આંગિક અને સાત્વિક ક્રિયાવ્યાપારો છે જેના વડે કન્યાવિયોગ સમયના માર્મિક વેદનાનુભવને આ વસ્તુઓ તથા અર્થમાં મૂર્તિત અથવા રુપાંતરિત કરવામાં આવ્યો છે. 'વાક્-અંગ-સત્વ'માં રુપાંતરિત કર્યા વિના અભિનેય નાટ્યાર્થ સંભવી શકતો નથી. નાટ્યાર્થ જેટલો વાક્-અંગ-સત્વથી ઉપેત તેટલો નાટ્યપ્રયોગની દૃષ્ટિએ તે વધારે અભિનયક્ષમ પુરવાર થાય છે, નટો માટે તેનો અભિનય કરવો સરળ બને છે.

કવિ કાલિદાસના નાટકોમાં અભિનેય તત્વોની પ્રધાનતાનું મુખ્ય કારણ એ છે કે વધુ ને વધુ 'વાક્-અંગસત્વોપેત' છે.

સંસ્કૃત નાટકોમાં ગદ્યપદ્યમિશ્રિત ભાષાસ્વરુપ જોવા મળે છે. ગદ્ય સંવાદોની વચ્ચે વચ્ચે' છન્દોબધ્ધ પદ્યો' ભરપુર માત્રામાં પ્રયોજાયેલા જણાય છે. જો કે આ પદ્યોનો વિનિયોગ

હેતુપુર:સર થયેલો છે. આ પદ્યો ચોક્કસ અને એકાકી કાર્યો માટેજ પ્રયોજાય છે. જ્યારે સામાન્ય ગદ્ય કાર્યક્ષમ ન નિવડે ત્યારેજ પદ્યનો આશ્રય લેવામાં આવે છે. સંસ્કૃત નાટકોમાં પ્રયોજાતા પદ્યનો મુખ્યત્વે ત્રણ કાર્યો છે. (૧) દૃશ્યબંધના અભાવને કારણે સ્થળ, સમય તથા ચોક્કસ પ્રકારની પરિસ્થિતિના વર્ણન માટે પદ્યનો વિનિયોગ (૨) નાટકમાં બનતી ઘટના કે અન્ય પાત્ર પરત્વેની પાત્રની માનસિક અને સંવેદનાજન્ય વિવિધ પ્રતિક્રિયાઓના બયાન માટે પદ્યનો વિનિયોગ. (૩) કોઇ એક પાત્ર દ્વારા અન્ય પાત્રનો પ્રવેશ સુચવવા કે તે પાત્ર જે કાર્ય કે પરિસ્થિતિ સાથે સંકળાયેલું હોય તેનું વર્ણન કરવા માટે અથવા પાત્રની આત્મઓળખના કાર્ય માટે પદ્યનો વિનિયોગ. પ્રથમ પ્રકારનું કાર્ય દૃશ્યબંધ અને અન્ય રંગમંચીય ઉપકરણોની ગરજ સારે છે.

ભાસના નાટકોમાં પદ્યના આ પ્રકારના વિનિયોગના દૃષ્ટાંતો ભરપૂર માત્રામાં જોવા મળે છે. 'પ્રતિમા' નાટકના ચોથા અંકના આઠમાં શ્લોકમાં લક્ષ્મણ ભરતનું વર્ણન કરે છે, પાંચમાં અંકના સોળમા અને સત્તરમા શ્લોકમાં રાવણ પોતાની શક્તિઓનું સ્વમુખે વર્ણન કરે છે તો છઠ્ઠા અંકના છઠ્ઠા શ્લોકમાં કંચુકીય ભરતનું વર્ણન કરે છે. 'અભિષેક' નાટકના પ્રથમ અંકના અગિયારમાં શ્લોકમાં વાલી પોતાની શક્તિ વર્ણવે છે, તેરમાં શ્લોકમાં રામ વાલીના યુધ્ધનું વર્ણન કરે છે, ૧૪ માં શ્લોકમાં લક્ષ્મણ સુગ્રીવના યુધ્ધનું વર્ણન કરે છે અને ૧૬ માં શ્લોકમાં લક્ષ્મણ વાલીના પતનનું વર્ણન કરે છે, વિગેરે.

ભાસે જે રીતે આ પદ્યોનો વિનિયોગ કર્યો છે તે પરથી જણાય છે કે પદ્યના વિનિયોગ દ્વારા -

૧) રંગમંચ ઉપર પહેલેથી સ્થિત પાત્ર, પછીથી પ્રવેશનાર અન્ય પાત્રનું વર્ણન કરે છે.

૨) રંગમંચ ઉપર હમણાંજ પ્રવેશેલું પાત્ર, રંગમંચ ઉપર પહેલેથી સ્થિત પાત્ર વર્ણવે છે.

૩) પ્રવેશનાર પાત્ર પોતાની ઓળખ આપે છે.

૪) રંગમંચ ઉપર સ્થિત પાત્ર, રંગમંચ ઉપરના કે બહારના કોઇ પણ પાત્રને તે કોઇ કાર્યમાં ગુંથાયું હોય કે કોઇ પરિસ્થિતિમાં મુકાયું હોય તેનું વર્ણન કરે છે.

પ્રથમ તથા બીજા પ્રકારના વિનિયોગ દ્વારા પ્રેક્ષક નવા આવનાર પાત્ર સાથે અનુસંધાન સાધી શકે છે. પ્રથમ તથા બીજા પ્રકારના વિનિયોગ દ્વારા પાત્ર અન્ય પાત્ર વિશેના પોતાના પ્રતિભાવો વર્ણવી પ્રેક્ષકોને પછી બનનારી ઘટના માટે તૈયાર કરે છે તેમજ પોતે અન્ય પાત્રને કઇ દૃષ્ટિએ જુએ છે તેના પરત્વે પોતે કેવું વલણ દાખવે છે તેનો અણસાર આપે છે. પાત્રની સ્વમુખે અપાતી આત્મઓળખ દ્વારા પ્રેક્ષકને પાત્ર પોતાના વિશે શું વિચારે છે તેનો ખ્યાલ તો આવેજ છે સાથે સાથે હવે પછી એ પાત્ર કેવી રીતે વર્તતશે તેનો સંકેત પણ મળે છે. અન્ય કાર્યમાં ગુંથાયેલા કે પરીસ્થિતિમાં મુકાયેલા પાત્રના બીજા પાત્ર દ્વારા થતા વર્ણન થકી પ્રેક્ષક પાત્ર તથા પરિસ્થિતિને પુર્ણ રીતે પામી શકે છે. શ્રી વી. રાઘવન આ સંદર્ભમાં જણાવે છે કે "The location as affecting the character and as communicated in his spoken word affects the audience more than meye painted canvas and light."

(Sanskrit Drama in Performance Page 25)

રંગમંચ ઉપર આવા લાંબા વર્ણનાત્મક પદ્યોના પઠનને 'લાસ્યાંગો'થી યુકત રાખવાનું ભરતમુનિનું સુચન છે. લાસ્યાંગો દ્વારા આવા વર્ણનાત્મક પદ્યોને લાલિત્યપુર્ણ અને ચિત્રાત્મક રીતે નૃત્યસદૃશ આંગિક ચેષ્ટાઓ થકી રજુ કરી શકાય છે. દા.ત. કેટલાક પદ્યોનું પઠન નટ નીચે બેસી કોઇ પણ પ્રકારના હાથના કે પગના સંચાલન વિના માત્ર દુ:ખના કે ચિંતાના અનુભવ સાથે રજુ કરી શકે છે. ભરતમુનિએ તેનો 'આસીન પાઠ્ય' લાસ્યાંગ તરીકે ઉલ્લેખ કર્યો છે. કયારેક નટી ભાવપૂર્ણ રીતે પણ સ્વાભાવિકપણે પ્રેમની વિહ્વળતા અનુભવતા પાત્રની ઉકિત રજુ કરી શકે છે. ભરતમુનિએ તેને 'સ્થિત પાઠ્ય' પ્રકારનું લાસ્યાંગ કહયું છે. કયારેક તે નીચે બેસી શબ્દ વિનાની ગેયરચના વાંસળી અને મૃદંગના તાલ સાથે સંગત કરી રજુ કરી શકે છે. ભરતમુનિએ તેને 'ગેયપદ' એવી સંજ્ઞા આપી છે. આવા વિવિધ લાસ્યાંગોનો વિનિયોગ દ્વારા નટ કે નટી લાંબા લાંબા વર્ણનાત્મક અંશોને પ્રભાવોત્પાદક બનાવી શકે. લાસ્યાંગ, એક ખાસ પ્રકારની ટેકનિક છે જેના દ્વારા લાંબા,

વર્ણનાત્મક પદ્યોને ચિત્રાત્મક રીતે રજુ કરી શકાય છે. આવા વર્ણનોના પઠન માત્રથી અભિનયકાર્ય પૂરું થતું નથી. આવા વર્ણનો સમયે નટે આંગિક, વાચિક તથા સાત્વિક એ ત્રણેય પ્રકારનો અભિનય પ્રયોજવો પડે છે. આંગિક અભિનય અને સાત્વિક અભિનયના સુમેળ દ્વારાજ આવા લાંબા વર્ણનો જીવંત બની શકે છે. આખું દ્રશ્ય જાણે પ્રેક્ષકની આંખ સામે તરવરવા લાગે છે. આ લાસ્યાંગોના વિનિયોગથી આવા લાંબાલચક વર્ણનોનું સ્વરુપજ બદલાઇ જાય છે. 'મુદ્રારાક્ષસ'માં ચાણક્ય અને રાક્ષસના ગુપ્તચરોના લાંબા લચક અહેવાલોનું પઠન, યોગ્ય લાસ્યાંગના વિનિયોગ દ્વારા થવું જોઇએ. તેજ પ્રમાણે દુતવાક્યમમાં દુર્યોધન દ્વારા થતું મંત્રણાખંડમાં એક પછી એક આવતા કૌરવ મહારથીઓનું વર્ણન કે ચિત્રફલકનું વર્ણન કે વેણીસંહારમાં આવતું સુન્દ્રક દ્વારા યુધ્ધનું વર્ણન લાસ્યાંગોથી યુક્ત રાખવું જોઇએ કારણ કે ભરતમુનિએ ભાણ પ્રકારના એકપાત્રીય રુપકોમાં લાસ્યાંગોનો વિનિયોગ અનિવાર્ય માન્યો છે.

ભરતમુનિએ નટ દ્વારા વાચિક અભિનયમાં પ્રયોજાતા વિવિધ પાઠ્યગુણોનો વિનિયોગ રસ અને ભાવાશ્રિત હોવાનું જરુરી માન્યું છે. વિવિધ રસના નિરુપણવાળી વિવિધ ઉક્તિઓમાં કયો પાઠ્યગુણ પ્રયોજી શકાય તે વિવિધ ઉદાહરણો દ્વારા સમજી શકાય.

'અભિજ્ઞાન શાકુંતલ'માં આવતો નિમ્નલિખિત શ્લોક શૃંગાર રસનું ઉદાહરણ છે.

રાજા: શ્રમ શા માટે ? આ આરાધનો કરનારો તારી પાસેજ છે.

શું થાકહારિ દઇ શીતળ વીંઝણો હું
ઢાળી રહું નલિનીપત્રથી વાયું ભીનો ?
અંકે ધરી સુખ પડે ત્યમ પદ્મરાતા
શું વા તળાસું ચરણો, કરભોરુ તારા ?

(અંક ૩/શ્લોક ૨૨) (અનુ: શ્રી ઉમાશંકર જોષી)

રાજાની આ ઉક્તિ સંભોગશૃંગારનું ઉદાહરણ છે. આ શ્લોકના વાચિક અભિનયમાં ભરતમુનિ નિરુપિત 'પાઠ્યગુણો'નો વિનિયોગ આ પ્રમાણે થઇ શકે.

૧) અહીં શકુંતલા રાજાની સમીપ ઉભી હોવાથી ઉરસ્થાનથી નિસ્સૃત સ્વર પ્રયોજાશે.

૨) સ્વરિત તથા ઉદાત્ત પ્રકારના સ્વરવર્ણનો વિનિયોગ થશે.

૩) વિલંબિત કાકુ સ્વરનો પ્રયોગ થશે.

૪) લીલા અથવા સૌકુમાર્યથી પુર્ણ સ્વરોમાં શબ્દાવલીનો પાઠ થશે. (અર્પણ નામક ઉચ્ચારણ અંગ)

૫) સમીપસ્થિત પાત્ર સાથે વાર્તાલાપ થતો હોવાથી વક્ષઃસ્થલથી ઉત્પન્ન મન્દ્ સ્વર પ્રયોજાશે.

(૬) રતિ નામક સ્થાયી ભાવનું નિરુપણ હોવાથી સમગ્ર પદ્યનું પઠન મધ્ય લયમાં થશે.

(૨)

'અભિજ્ઞાન શાકુંતલ'માં ભયાનક રસનું ઉત્તમ કહી શકાય તેવું ઉદાહરણ નીચેના પદ્યમાં જોવા મળે છે.

રાજાઃ સારથિ, આ મૃગથી આપણે દૂર ખેંચાઇ આવ્યા. આ વળી હજીય તે -

ગ્રીવાભંગે રુપાળે વળી વળી દૃગ પૂંઠે થપતાં રથે દે,
પેઠેલો પૂર્વકાયે શરપતનભયે પૂંઠભાગેથી ઝાઝો,
દર્ભો આવેલ અર્ધા શ્રમવિવૃત મુખેથી સર્યા વેરી માર્ગે,
જો જો લાંબી ફલંગે નભ મહીં ઘણું તો દોડતો, અલ્પ ભોમે
(અંક ૧/શ્લોક ૭(અનુ: શ્રી ઉમાશંકર જોષી))

અહીં ભયભીત બનેલા મૃગનું વર્ણન રાજા સારથિ આગળ કરે છે તેમજ સારથિ રાજાની સમીપ છે માટે પ્રસ્તુત શ્લોકના પઠનમાં -

૧) ઉરઃસ્થાનથી નિરસ્ત સ્વર પ્રયોજાશે.

૨) અનુદાત, સ્વરિત અને કમ્પિત સ્વરવર્ણનો વિનિયોગ થશે.

૩) દ્રુત તથા નીચ કાકુસ્વરનો પ્રયોગ થશે.

૪) વિસર્ગ, વિચ્છેદ-ઉચ્ચારણ અંગો પ્રયોજાશે.

૫) સમીપસ્થિત પાત્રને સંબોધી શ્લોક કહેવાનો હોવાથી વક્ષઃસ્થલથી ઉત્પન્ન મન્દ્ સ્વર પ્રયોજાશે.

૬) ભય નામક સ્થાયી ભાવનું નિરુપણ હોવાથી શ્લોકનું પઠન દ્રુત લયમાં થશે.

ઉપરોક્ત પાઠ્યગુણોના વિનિયોગથી ભયભીત બની વાયુવેગે દોડતા મૃગનું વર્ણન જીવંત બની શકે છે.

(૩)

'ઉત્તરરામચરિત' એ કરુણરસપ્રધાન કૃતિ છે. કરુણરસનું સુંદર આલેખન રામની નિમ્નોકિતમાં મળે છે.

રામ: આમ, અત્યંત નિશ્ચલ રહે એ રીતે અંત:કરણને થંભાવી રાખું છું. તો પણ મને આજે તે તે પરિચિત પ્રિય વસ્તુઓના દર્શનથી આવો આવેગ પ્રગટી આવે છે વળી,

માત્રા મૂકી ક્ષુભિત ઉભરે શોક તે રોકવાને
જે જે કેમે કરી કંઇ કરું યત્ન, પ્રત્યેક તે તે
તોડી ફોડી બળથી પ્રસરે કોઇ ચેતોવિકાર,
જેવો વેગપ્રબળ, સિકતાસેતુને, કો જલૌધ.
(અંક ૩/શ્લોક ૩૬) (અનુ: શ્રી ઉમાશંકર જોશી))

પ્રસ્તુત શ્લોકમાં કરુણ રસનું નિરુપણ હોવાથી તેના પઠનમાં -

૧) અનુદાત્ત, સ્વિરિત તથા કંપિત સ્વરવર્ણ પ્રયોજાશે.

૨) વિલંબિત કાકુસ્વરનો પ્રયોગ થશે.

૩) દીપન તથા પ્રશમન ઉચ્ચારણ અંગોનો વિનિયોગ થશે.

૪) વિલમ્બિત લય પ્રયોજાશે.

(૪)

વીર રસનું આલેખન વેણીસંહારમાં ભીમની નિમ્નોકિતમાં થયેલું છે -

ભીમ: પરસ્પર ટકરાવવાથી ક્ષતવિક્ષત હાથીઓના રકત, ચરબી, માંસ અને મસ્તકના કીચડમાં ડુબેલા રથો ઉપર પગ મુકી પરાક્રમ પ્રદર્શિત કરી રહેલી પાયદળની સેના જેમાં છે તેવા, વિપુલ રુધિરની પાનગોષ્ઠિમાં ચીસો પાડતી અમંગળકારી શૃગાલ્યરુપી તુરહી ઉપર નાચી રહેલા ધડોવાળા યુધ્ધરુપી અનુપમ સાગરના મધ્યજળમાં વિચરણ કરનારા પાણ્ડુપુત્રો પ્રવીણ છે.
(અંક ૧ / શ્લોક ૨૭)

વીર રસની આ ઉકિતના પઠનમાં -

૧) ઉદાત્ત તથા કમ્પિત સ્વરવર્ણ પ્રયોજાશે.

૨) દીપ્ત કાકુસ્વરનો પ્રયોગ થશે.

૩) વિચ્છેદ, પ્રશમન, અર્પણ, દીપન તથા અનુબન્ધ ઉચ્ચારણ અંગોનો વિનિયોગ થશે.

૪) દ્રુત લય પ્રયોજાશે.

(૫)

'મહાવીરચરિત'માં વિશ્વામિત્રની પરશુરામને ઉદ્દેશીને બોલાયેલી નિમ્નોક્તિ રૌદ્રરસનું ઉદાહરણ છે.

વિશ્વામિત્ર: અરે તમે શું એમ સમજો છો કે આ સંસાર બ્રહ્મતેજ વિહીન થઇ ગયો છે અથવા શસ્ત્રોનું સામર્થ્ય સમાપ્ત થઇ ગયું છે ? તમે બ્રાહ્મણો ઉપર, ક્ષત્રિયો ઉપર આક્ષેપો કર્યે જાવ છો, રામ પરત્વનો તમારો નિશ્ચય કઠોર છે. તમે મર્યાદાનું ઉલ્લંઘન કરી અમને સંતાપી રહયા છો એટલે ક્રોધને કારણે મારો જમણો હાથ શાપોદકને તથા ડાબો હાથ પૂર્વસંસ્કારવશ ધનુષ શોધી રહયો છે.

રૌદ્રરસના આલેખનવાળી વિશ્વામિત્રની આ ઉક્તિમાં પઠનમાં -

૧) ઉદાત્ત અને કમ્પિત સ્વરવર્ણ પ્રયોજાશે.

૨) દીપ્ત કાકુસ્વરનો પ્રયોગ થશે.

૩) વિચ્છેદ, પ્રશમન, અર્પણ, દીપન તથા અનુબન્ધ ઉચ્ચારણ અંગોનો વિનિયોગ થશે.

૪) દ્રુત લય પ્રયોજાશે.

(૬)

'માલતીમાધવ'માં આવતી માધવની નિમ્નોક્તિમાં બીભત્સ રસનું આલેખન છે.

માધવ: પહેલાં શબના ચામડાને કાપીકાપીને પછી મોટું શરીર હોવાથી પુષ્કળ પ્રમાણમાં મળતું અને અતિશય ગંધાતું તથા ખભા, કેડ, પીઠ વિગેરે અવયવોમાંથી સુલભ માંસ ખાઇને કોઇ દરિદ્ર પિશાચ સ્નાયુ, આંતરડાં, નેત્ર પકડીને દાંત, દેખાડીને, ખોળામાં રહેલ શબની ખોપરીમાં રહેલું ને નીચાં ઉંચા વિષમ સ્થાનોમાં રહેલું માંસ પણ નિરાંતે ખોતરી ખાય છે.

(અંક ૫ / શ્લોક ૧૬)

બીભત્સરસયુક્ત પ્રસ્તુત ઉક્તિમાં પઠનમાં -

૧) અનુદાત્ત, સ્વરિત તથા કંપિત સ્વરવર્ણ પ્રયોજાશે.

૨) નીચ તથા દ્રુત કાકુસ્વરનો પ્રયોગ થશે.

૩) વિસર્ગ, વિચ્છેદ ઉચ્ચારણ અંગોનો વિનિયોગ થશે.

૪) દ્રુત લય પ્રયોજાશે.

(૭)

'ઉત્તરરામચરિત'માં વિદ્યાધરની નિમ્નોક્તિ અદ્ભુત રસનું ઉદાહરણ છે.

વિદ્યાધર: અહો! આ બે એકાએક પ્રચંડ યુદ્ધમાં ઉતરી પડેલા, ક્ષાત્રતેજથી ઝળહળી રહેલાં, સૂર્યવંશી કુમારોના પરાક્રમકાર્યો કેવાં અદ્ભુત છે કે દેવો અને અસુરો પણ આશ્ચર્યથી દિઙ્મૂઢ થઇ ગયા છે! વળી પ્રિય જો -

રણે ઘૂઘરી કંકણે, ઝણઝણંત એવું ધનુ,
કરે પણછ ને અણી વિપુલ ચંડ કોલાહલ,
શરો સતત વર્ષતા ફરીથી શૂર બંને તણું
વધે ભુવનમાં કરાલ અતિ યુદ્ધ આ અદ્ભુત.

(અંક ૬/શ્લોક ૧ (અનુ:શ્રી ઉમાશંકર જોશી))

અદ્ભુત રસથી સભર પ્રસ્તુત ઉક્તિના પઠનમાં -

૧) ઉદાત્ત તથા કમ્પિત સ્વરવર્ણ પ્રયોજાશે.

૨) દીપ્ત કાકુસ્વર પ્રયોજાશે.

૩) વિચ્છેદ, પ્રશમન, અર્પણ, દીપન તથા અનુબન્ધ ઉચ્ચારણ અંગોનો વિનિયોગ થશે.

૪) દ્રુત લય પ્રયોજાશે.

(૮)

સંસ્કૃત નાટકોમાં આવતી વિદૂષકની ઉક્તિઓ હાસ્યરસથી ભરપૂર હોય છે માટે આવી ઉક્તિઓના પઠનમાં સ્વરિત તથા ઉદાત્ત સ્વરવર્ણ, વિલમ્બિત કાકુ સ્વર, અર્પણ, વિચ્છેદ, દીપન અને પ્રશમન વિગેરે ઉચ્ચારણ અંગો તથા મધ્યલયનો વિનિયોગ થશે.

આમ ભાવ અને રસનો અભ્યાસ કરી નટ યોગ્ય પાઠ્યગુણોનો વિનિયોગ સાધી શકે છે. વાચિક અભિનયમાં નટે કેવળ શબ્દોચ્ચાર જ કરવાનો હોતો નથી પણ એ શબ્દની પાછળ રહેલો વ્યંગ્યાર્થ તથા ભાવ પણ પ્રેક્ષકોને પહોંચાડવાનો હોય છે. શુધ્ધ ઉચ્ચારણની સાથે સાથે ભાવવાહી તથા અર્થસભર પઠન માટે નટે ઉક્તિમાં રહેલા ભાવ તથા રસને મુખ્યત્વે ધ્યાનમાં લેવાના રહે છે એટલેજ ભરતમુનિએ વિવિધ પાઠ્યગુણોને રસ તથા ભાવ સાથે સાંકળી આપ્યા છે.